આત્મમંગલ



લેખ

મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી

•

શ્રીવિશ્વકલ્યાણપ્રકાશન

વિ સં ૨૦૧૮/ચૈત્ર

પ્રકાશક
શાંતિલાલ એમ દોશી
મંત્રી વિશ્વકલ્યાણ પ્રકાશન
હારીજ (ઉ ગુજરાત)

પ્રથમાવૃત્તિ
પ્રત
૧૦૦૦

લેખક :
સિદ્ધાન્તમહોદધિ પ પૂ આચાર્ય
દેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહા
રાજના વિદ્વાન શિષ્યરત્ન ‡
પન્યાસજી મ શ્રી ભાનુવિજયજી
ગણિવરના શિષ્યરત્ન પૂ મુનિરાજશ્રી

ભદ્રગુપ્તવિજયજી મ.

મૂલ્ય

પાંચ નયા પૈસા

બીજા પ્રાપ્તિસ્થાનો

- સોમચંદ ડી શાહ
  પાલિતાણા
  (સૌરાષ્ટ્ર)

- સેવંતીલાલ વી જૈન
  મોતીશા જૈન દેરાસર
  લાલબાગ-ભૂલેશ્વર મુંબઈ-૪

મુદ્રક
ગુણકુમર ન માવળી
ગાંડીવ મુદ્રણાલય,
હવાડીઆ ચકલો, સુરત-૨



તત્ત્વજ્ઞાન-વર્ગનું ફળ

ધાર્મિક જીવન જીવવાની પ્રાથમિક ભૂમિકાનું ઘડતર કરવા માટે પાત્રીસ ગુણોની આવશ્યકતા છે પાત્રીસગુણોની ભૂમિકા પર સર્જાયેલું ધાર્મિક જીવન આત્માની ઉન્નતિ કરવા સમર્થ બને છે

વિ સ ૨૦૧૮નું એ મહેસાણામા ચાતુર્માસ હતુ પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામા શ્રી સંઘ સુંદર ધર્મોપાસના કરતો હતો તેમા કેટલાક તત્ત્વપિપાસુ યુવાન વર્ગે પ પૂ મુનિરાજ શ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજ પાસે તત્ત્વજ્ઞાન-વર્ગની યોજના મૂકી અને વર્ગ શરૂ થયો લગભગ વીસ યુવાનો આ વર્ગમા જોડાયા રોજ પ્રભાતે એક કલાક સૌ આવે અને તત્ત્વપાન કરે નોંધમા લખી લે.

આત્માનું અસ્તિત્વ, આત્માનું મૂળ સ્વરૂપ, આત્માનું વિકૃત સ્વરૂપ નવ તત્ત્વ, ચૈત્યવંદન ભાષ્ય, વગેરે વિષયોના વિવેચન પછી શ્રી 'જયવીયરાય' સૂત્ર પર લગભગ બે મહિના વિવેચન ચાલ્યું! તેમા 'જય'નો શું અર્થ? 'વીતરાગનુ-શું' રહસ્ય? વીતરાગનો પ્રભાવ શું? વીતરાગની પ્રાર્થનાનું બળ કેવું? ભવનિર્વેદ માર્ગાનુસારિતા, ઇષ્ટફળની સિદ્ધિ વગેરે અનેક દૃષ્ટાંત દલીલો દ્વારા સુગમ રીતે સમજાવવામા આવ્યું તેમા 'કર્મક્ષય' પદના વિવેચનમા લગભગ પહોંચ્યો કર્મગ્રંથ પૂજ્ય મહારાજશ્રીએ સરળ રીતે સમજાવ્યો આમ સાડા ત્રણ મહિના સુધી વર્ગ ચાલ્યો અને મહારાજશ્રીનો વિહાર નજીક આવ્યો

સૌને આ વર્ગની મધુર સ્મૃતિ રહી છે અને અન્ય આત્માઓને પણ પ્રેરણા મળે તે હેતુથી એક પુસ્તિકા છપાવવાનો મનોરથ જાગ્યો તત્ત્વજ્ઞાન-વર્ગમા માર્ગાનુસારિતાના ૩૫ ગુણો પર સુંદર વિવેચન દરેકને લખાવવામા આવ્યુ હતુ એ વિવેચનને પુસ્તિકા દ્વારા પ્રકાશિત કરવાનો નિર્ણય થયો આર્થિક પ્રશ્ન તત્ત્વજ્ઞાન વર્ગના વિદ્યાર્થીઓએ ઉપાડી લીધો અને આ પુસ્તિકાનું પ્રકાશન-કાર્ય સરળ બન્યુ

'આર્થિક સહાય મળી છે તો પછી મૂલ્ય શા માટે રાખવામા આવ્યુ છે?' આ પ્રશ્ન સ્વાભાવિક રીતે આપને જાગે પરંતુ મૂલ્ય રાખવાનો હેતુ એ છે કે

- આ પુસ્તિકાની બીજી આવૃત્તિ પ્રકાશિત કરી શકાય
- ભેટ મળેલી પુસ્તિકા કરતા મૂલ્ય આપીને લીધેલી પુસ્તિકાની જાળવણી અને મહત્ત્વ વાચક સમજે

આ પુસ્તિકા જૈન યુવાનોમા અને જૈનેતરોમા ખૂબ પ્રચારવા માટે આપ સહુને અમારી વિનતી છે કોલેજો, હોસ્ટેલો બોર્ડિંગો વગેરેમાં આવી પુસ્તિકાઓની પ્રભાવના કરવાથી મહાન લાભ થાય એમ છે આપણા યુવાનવર્ગને ધર્મમાંનુ સાચુ દૃષ્ટિબિંદુ આ પુસ્તિકાથી સમજાવવાની જરૂર છે

સહુ આત્માના મંગલમા આ પ્રકાશન નિમિત્ત બનો એ મંગલ અભિલાષા

-શાંતિલાલ દોશીના

પ્રણામ

• મંગલ અભિલાષા •

જ્યાં સુધી મનુષ્ય દૃશ્ય પદાર્થો વિષયો સાથેના સંબંધમાં છે ત્યાં સુધી તે માનસિક સ્વસ્થતા, પ્રસન્નતાને નહિ અનુભવી શકે. જીવ જન્મે છે ત્યારથી માંડીને તે બાહ્ય જગતને જુએ છે તેની સાથે સંબંધ બાંધે છે અને તેમાં રાચેમાચે છે શોક-આક્રંદ કરે છે આ છે ભૌતિક માર્ગ

ધર્મમાર્ગે ચાલવા માટે તેને અદૃશ્ય તત્ત્વો સાથે સંબંધ જોડવો પડે છે અદૃશ્ય તત્ત્વોને શ્રદ્ધાથી અને પછી તર્કથી માનવા પડે છે એની સાથે સંબંધ બાંધવો પડે છે આ ત્યારે જ બની શકે કે જીવ દૃશ્ય જગત સાથેના પ્રીતિ-સંબંધને તોડી નાખે

આત્મતત્ત્વ એ અદૃશ્ય તત્ત્વ છે મનુષ્યની આંખોથી એ જોઈ શકાય એમ નથી કાનથી સાંભળી શકાય એમ નથી નાકથી સૂંઘી શકાય એમ નથી જીભથી ચાખી શકાય એમ નથી અને ચામડીથી સ્પર્શ કરી શકાય એમ નથી આવા આત્મતત્ત્વની ઓળખ કરવી અને એની સાથે પ્રીતિ-સંબંધ જોડવો, એ ધર્મ માર્ગે ચાલવા માટે અનિવાર્ય વસ્તુ છે

શરીર એ આત્મા નથી, ઇન્દ્રિયો એ આત્મા નથી મન એ આત્મા નથી આ ત્રણેથી તદ્દન નિરાળું આત્મતત્ત્વ છે શરીર ઇન્દ્રિયો અને મન એ તો આત્મતત્ત્વની **વિકૃત અવસ્થા** છે આત્મતત્ત્વની **પ્રકૃત અવસ્થા** શરીર ઇન્દ્રિયો અને મનથી પર અવસ્થા છે એ અવસ્થાને પ્રગટ કરવા માટે આત્મતત્ત્વની **સંસ્કૃત અવસ્થામાં** આવવું જોઈએ. ધાર્મિકજીવન આત્મતત્ત્વની પ્રકૃત (મૂળ) અવસ્થાના લક્ષ્યવાળું જીવન એ આત્મતત્ત્વની સંસ્કૃત અવસ્થા છે

પરમાત્મતત્ત્વ એ આત્મતત્ત્વની પ્રકૃત અવસ્થા છે એ તત્ત્વની ઉપાસના એ માટે કરવામાં આવે છે કે જીવની વિકૃત અવસ્થા ટળી જાય પરમાત્મતત્ત્વની ઉપાસનાવાળું જીવન એ આત્મતત્ત્વની સંસ્કૃત અવસ્થા છે પરમાત્મતત્ત્વની ઉપાસના કરનારો આત્મા પોતાની પ્રકૃત અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે અને જ્યારે એ અવસ્થા જેમાં પૂર્ણ પ્રગટ

થઈ ગઈ, પછી એને વિકૃત કે સંસ્કૃત અવસ્થામા જવાનુ હોતુ નથી આવી અવસ્થાનુ નામ મોક્ષ-અવસ્થા છે

એટલે પ્રત્યેક અક્ષયસુખાભિલાષી આત્માની સાધના મોક્ષ-અવસ્થા તરફ મીટ માંડીને થવી જોઈએ એ માટે એણે ધર્મપ્રગટન કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ એ પુરુષાર્થના પાયામા પાત્રીસ ગુણોથી આત્માને સંસ્કારી બનાવવો જોઈએ

શ્રી 'જયવીયરાય સૂત્રમા આ પાત્રીસ ગુણોની પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરવામા આવી છે શ્રી વીતરાગ ભગવતના અચિંત્ય પ્રભાવથી પ્રાર્થના કરનાર આત્માને અવશ્ય એ પાત્રીસ ગુણો પ્રાપ્ત થાય છે પ્રાર્થનાનુ બળ અદ્ભૂત અને અનુપમ છે એનો સાક્ષાત્કાર તો અનુભવી આત્માને જ થાય માત્ર બુદ્ધિથી તર્કથી સમજવાના પ્રયત્ન કરનાર પ્રાર્થનાના પ્રભાવો અનુભવી ના શકે

અહીં ખૂબ જ ટૂંકાણમા પાત્રીસ ગુણોનુ વિવેચન કરવામા આવ્યુ છે, પરતુ તેને તમે જો વારવાર વાચશો તો તમને અવશ્ય રસ ઉત્પન્ન થશે અને એ રસ તમારા આત્માને પુષ્ટ કરશે

વિ સ ૨૦૧૮ના મહેસાણાના ચાતુર્માસ દરમિયાન પ્રભાતનો તત્ત્વજ્ઞાનવર્ગ, આ વિવેચનમા નિમિત્ત બન્યો છે સાડા ત્રણ મહિના સુધી સતત એ વર્ગે તત્ત્વપાન કર્યુ અને તત્ત્વામૃતને દરેકે નોટમા ભરી લીધુ એમાથી થોડુક તત્ત્વામૃત અહીં સમગ્ર જનતા માટે ખુલ્લુ મૂકવામા આવે છે સહુ આ તત્ત્વામૃતની પરબમાથી પાન કરો એ જ મગલ કામના

આ વિવેચનમા પરમકૃપાળુ પરમાત્માની આજ્ઞાથી કઈપણ વિરુદ્ધ લખાઈ ગયુ હોય તો, તેની ક્ષમા યાચુ છુ

—ભદ્રગુપ્તવિજયજી

C/o શાતિલાલ એસ દોશી
હારીજ (ઉ ગુજરાત)

વિ સં ૨૦૧૮ના ચાતુર્માસનો તત્ત્વજ્ઞાન-વર્ગ

(૧) શ્રી કેશવલાલ માણેકલાલ
(૨) શ્રી રમણલાલ ધરમચંદ
(૩) શ્રી ભોગીલાલ ચીમનલાલ
(૪) શ્રી સેવંતિલાલ ચોપટલાલ
(૫) શ્રી કાન્તિલાલ મૂળચંદ
(૬) શ્રી અજીતભાઈ ગોમરજી
(૭) શ્રી ભોગીલાલ કચરાભાઈ
(૮) શ્રી રીખવચંદ ચુનીલાલ
(૯) શ્રી અમૃતલાલ ડાહ્યાભાઈ
(૧૦) શ્રી કરશનલાલ જમનાદાસ
(૧૧) શ્રી જયેન્દ્રકુમાર ચંપકલાલ
(૧૨) શ્રી નવીનચન્દ્ર મગનલાલ
(૧૩) શ્રી જયંતિલાલ ભુરાખીદાસ
(૧૪) શ્રી રાજેન્દ્રકુમાર બગલદાસ
(૧૫) શ્રી વિસનજીભાઈ (કચ્છી)
(૧૬) શ્રી કરસનભાઈ (વિસનગરવાળા)
(૧૭) શ્રી સેવંતિલાલ શાન્તિલાલ
(૧૮) શ્રી કીર્તિકુમાર ફુલચંદ
(૧૯) શ્રી મહાસુખલાલ રીખવચંદ
(૨૦) શ્રી રમણલાલ પુનમચંદ
(૨૧) શ્રી બાબુભાઈ જેસંગલાલ મહેતા
(૨૨) શ્રી જયકુમાર બી પરીખ

◦ અનુક્રમ ◦



अर्हं नम

ધનાર્જન

સદ્‌ગૃહસ્થ શું ઘેર ઘેર ભીખ માગતો ફરે ? સદ્‌ગૃહસ્થને ભીખ માગવી ન શોભે. તેણે પોતાની આજીવિકાની ચિંતા કરવી જોઈએ, અર્થાત્ ઉદ્યમ કરવો જોઈએ

પરંતુ ધનપ્રાપ્તિનો ઉદ્યમ એવો ન જોઈએ કે જેમાં આત્મકલ્યાણની દૃષ્ટિ વિસરાઈ જાય કારણ કે ગૃહસ્થાશ્રમમાં રહેલા આત્માનું લક્ષ તો સર્વત્યાગનું જ હોવું જોઈએ. જેમ કોઈ મનુષ્ય આરોગ્ય પ્રાપ્ત કરવા દવા પીએ છે પણ દવાનો ત્યાગ કરવાનું લક્ષ ચૂકતો નથી ! તેમ ગૃહસ્થ ધન મેળવે ખરો પરંતુ ધનના ત્યાગનું લક્ષ ન ચૂકે.

સર્વથા ધનત્યાગનું લક્ષ તો જ જીવંત રહે કે મનુષ્ય ધનપ્રાપ્તિ કરતી વખતે અન્યાયનો ત્યાગ કરે અનીતિ અન્યાયના માર્ગે મળતા ધનનો તો તે સત્વર ત્યાગ કરે અને જ્યાં એણે અનીતિ–અન્યાયના માર્ગે મળતા ધનનો ત્યાગ કર્યો ત્યાં તે સર્વત્યાગનું પહેલું સોપાન ચડ્યો

અન્યાયના માર્ગે ધન મેળવવાના જ્યાં કોડ જાગે, કે તુરત નીચેની ચાર ભાવનાઓને ભાવો

- અન્યાયથી ધન મળે ખરું પરંતુ એનાથી પાપકર્મ બંધાય છે પરિણામે અન્યાયના માર્ગે પણ ધન નહિ મળે
- 'ન્યાય માર્ગે જ ધન મેળવીશ' આવા નિશ્ચયના જીવના લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ થાય છે અને તેથી અલ્પ મહેનતે ઘણી સંપત્તિ મળે છે
- તમે જો ન્યાયમાર્ગને વળગી રહેશો તો અનેકને ન્યાયમાર્ગની પ્રેરણા આપનારા બનશો તેથી સમાજમાં, ગામમાં ન્યાયી મનુષ્યો વધશે.
- ધનનો સર્વત્યાગ કરવા માટે સૌ પ્રથમ અનીતિમાર્ગે મળતા ધનનો ત્યાગ તો કરવો જ પડે

સદ્‌ગૃહસ્થ બનવા ધનાર્જનમાં ન્યાય–નીતિ ન છોડો

વિવાહ

મનુષ્યજીવનની મહત્તા સર્વત્યાગમય સાધુતાથી જ છે આ મહત્તાને સમજનાર માતા-પિતા પોતાના સંતાનોને બાલ્યકાળથી જ સાધુતાનો આદર્શ આપે અને એવું ઘડતર પણ એ ધોરણે કરે બાળકોને એવા વાતાવરણમા રાખે કે એમના ચિત્તમા સદૈવ સાધુતાનું આકર્ષણ જામેલું રહે

પછી યોગ્ય વયમા આવતા જો એ સંતાનો સાધુતા સ્વીકારવા શક્તિમાન ન બને તો પછી એ સંતાનોનો એવા કુળ સાથે વિવાહ-સંબંધ યોજવો જોઈએ કે જેથી કુળની અને શીલની સમાનતા જળવાય

ભિન્ન કુળ અને ભિન્ન આચાર-વિચારવાળા જીવો સાથે વિવાહ કરવાથી અનેક પ્રકારની વિષમતાઓ જન્મે છે અને તે જીવનપર્યંત કાંટાની જેમ ખૂંચ્યા કરે છે લગ્ન કેવળ વિષય-વાસનાને પોષવાના ધોરણે ન થવું જોઈએ તેમજ વર-કન્યાની પસંદગી કેવળ બાહ્ય રૂપ-રંગ પર ન થવી જોઈએ પસંદગીનું ધોરણ કુળની ખાનદાની આંતરિક અને વ્યવહારિક ગુણો, સ્વભાવ વગેરે હોવું જોઈએ તો જ તેમનું ગૃહસ્થજીવન સુખ-શાન્તિમય અને ધાર્મિક બનવાનું તો જ તેમના સંતાનો સુશીલ અને સંસ્કારી પાકવાના

ઘોડાની સારી ઓલાદ પકવવા માટે ઘોડાની જાતોમા પણ ઉચ્ચ-નીચના ભેદ પાડવા પડે છે તેમ સારી માનવજાત માટે પણ અમુક ભેદનું ધોરણ સ્વીકારવું જ જોઈએ

લગ્નગ્રંથીથી સ્ત્રી-પુરુષને જોડવાનો બીજો આશય એ છે કે, તેથી મનુષ્યનું મન દુરાચાર, ભ્રષ્ટાચારના માર્ગે ન જાય તેની વૃત્તિઓ સંબંધિત વ્યક્તિમા જ સંતોષાય અને એની ધર્મસાધના કોઈ વિક્ષેપ વિના ચાલી શકે એમ કરતા એક સમય એવો આવે કે બંને સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવા સમર્થ બને અને સર્વત્યાગમય સાધુતાને અંગીકાર કરી આત્મકલ્યાણ સાધી શકે

દૃષ્ટિને ભોગ તરફ ન રાખતા ત્યાગ તરફ રાખીને વિવાહનો માર્ગ અખત્યાર કરવો તે આર્ય સંસ્કૃતિ છે

પ્રશંસા

પ્રશંસા કોની કરવી? સ્વાભાવિક રીતે મનુષ્યને જે આચાર કે જે વિચાર ગમતો હોય છે, તે આચાર-વિચારની અને તે આચાર-વિચારવાળા જીવની પ્રશંસા કરતો હોય છે

પરન્તુ, સાથે સાથે એ પણ નિયમ છે કે મનુષ્યને સારા કે નરસા-જેવા બનવું હોય તેવા આચાર-વિચારવાળા મનુષ્યની પ્રશંસા કરવાથી તે સારો કે નરસો બની શકે છે। એટલે સૌ પ્રથમ આપણે કેવા બનવું છે, તેનો આપણે નિર્ણય કરવો જોઈએ

તમારે સજ્જન બનવું છે ને? તમારે શિષ્ટ પુરુષ બનવું છે ને? તો તમારે સજ્જન પુરુષોની પ્રશંસા કરવી જોઈએ એ પ્રશંસા માત્ર ખુશામત રૂપે ન હોવી જોઈએ પરંતુ હાર્દિક હોવી જોઈએ

સજ્જન પુરુષોની હાર્દિક પ્રશંસા કરવા માટે તમારામાં ગુણદ્રષ્ટિ જોઈશે! જો ગુણદ્રષ્ટિ નહિ હોય તો વિશ્વમાં તમને કોઈ સજ્જન જ નહિ દેખાય પ્રત્યેક મનુષ્યમાં તમને કોઈને કોઈ દોષ જ દેખાવાના! પછી તમે તે દોષોને જ તમારી જબાને ગાતા ફરવાના પરિણામે એ દોષોથી તમે જ રંગાઈ જવાના

ગુણદ્રષ્ટિવાળા આત્માને તો પ્રત્યેક જીવમાં કોઈને કોઈ ગુણ દેખાવાનો પછી સંઘમાં કે નગરમાં જે સજ્જન પુરુષો તરીકે માન્ય હોય, તેમનામાં તો તે ગુણ જોવાનો જ અને એની પ્રશંસા પણ કરવાનો

સદાચાર અને પરોપકાર એ સજ્જનોના મુખ્ય લક્ષણ છે જ્યાં તમને આ જોવા મળે તમે પ્રશંસા કરજો સજ્જનોના મુખે પણ અવસરે તેમની પ્રશંસા કરવાની અને તેમની પૂઠે પણ તેમની પ્રશંસા કરવાની પરિણામ એ આવશે કે તમારામાં પણ એ ગુણો આવવાના અને તમે ગુણસમૃદ્ધ બનવાના

તમારે તમારી પ્રશંસા સાંભળવાની ઉતાવળ નહિ કરવાની તમારું કર્તવ્ય બીજા ગુણીજનોની પ્રશંસા કરવાનું છે

શત્રુત્યાગ

જીવનો એ સ્વભાવ છે કે જે એને શત્રુ લાગે છે તેનો તે ત્યાગ કરવા પ્રયત્ન કરે છે ન જાય તો બળાત્કારે તેને દૂર કરવા ઉદ્યમ કરે છે વાત એ છે કે 'શત્રુ સમજાવો જોઇએ

બાહ્ય અહિત કરનારને તો જીવ તુરત ઓળખી લે છે આ મારૂ બગાડનાર માટે મારો શત્રુ પરંતુ આંતરિક અહિત કરનારનો તો તે ડગલે ને પગલે સહારો લે છે! અને મિત્ર તરીકે સમજે છે

આવા મિત્રના ઢોંગ કરીને રહેલા જીવના કટ્ટર દુશ્મનો છે **ક્રોધ, માન, માયા,** અને **લોભ** બહારના દુશ્મનોને હટાવવા માટે જીવ આ આંતર દુશ્મનોના સહાર લેવા ટેવાયેલો છે એની આ ટેવ ભૂલાવી દેવી જોઈએ એ માટે સૌથી પ્રથમ એ ક્રોધ–માન–માયા–લોભને શત્રુ તરીકે બરાબર સમજી લેવા જોઇએ

ક્રોધ વગેરે જીવના કટ્ટર દુશ્મનો છે કારણ કે

- એમનો સહારો લેવાથી ચિત્ત વિહ્વળ અસ્વસ્થ બને છે
- જીવો સાથે વૈર દ્વેષ થાય છે
- પરમાત્મા સાથે સબંધ તૂટી જાય છે
  માનસિક દુ ખોનો ભાર વધી જાય છે

એટલે એ ક્રોધ વગેરેને આત્મભૂમિ પરથી હાંકી કાઢવા માટે **ક્ષમા, નમ્રતા, સરળતા** અને **નિર્લોભતાનો** સહારો લેવો જોઇએ બાહ્ય દુશ્મનોને દૂર કરવા બહારના પ્રસંગોને હલ કરવા હવે ક્ષમાનો સહારો લેવાનો નમ્રતાનો સાથ લેવાનો, સરળતાનો સહકાર લેવાનો નિર્લોભતાની મિત્રતા રાખવાની બસ આનું જ નામ છે શત્રુત્યાગ

કર્મના માયાના અવિદ્યાના બંધનોમાંથી સંપૂર્ણ મુક્ત બનવા માટે ચિત્તની સ્વસ્થતા, જીવમૈત્રી, પરમાત્મ–ભક્તિ અને માનસિક પ્રસન્નતા અતિ આવશ્યક છે એ માટે ક્રોધ વગેરેને દૂર કરે જ છૂટકો અને ક્ષમા વગેરેને સિદ્ધ કરે જ છૂટકો!

ઇન્દ્રિયવિજય

ઇન્દ્રિયોને તમે કેટલું બધું આપ્યું ! છતાં એ ઇન્દ્રિયોને તૃપ્તિ થઈ છે ? કારણ કે ઇન્દ્રિયોનો એ સ્વભાવ છે કે જેમ જેમ તમે એને સંતોષવા પ્રયત્ન કરો તેમ તેમ તેની ઈચ્છાઓ માગણીઓ વધતી જ જાય ! પરિણામ એ આવે કે ઇન્દ્રિયો માગતી રહે—તમે તે પુરું નહિ કરી શકો ! એ પુરું કરવા તમે ધર્મને ભૂલી પરમાત્માને ભૂલી સદ્ગુરુને ભૂલી એવા પાપોમાં પડી જવાના કે તેમાં તમારી પારાવાર ખાનાખરાબી થઈ જવાની

ઇન્દ્રિયોને સંયમમાં રાખવાની જરૂર છે તે માટે એક સુંદર ઉપાય છે ઇન્દ્રિયોને જે મનનો સહારો મળે છે તે તોડી નાખો ઇન્દ્રિયોના ૫ ઘોડા ક્યાં મન ઉપરથી ગયું કે ઇન્દ્રિય પર વિજય પ્રાપ્ત થયો સમજો.

ઇન્દ્રિયના ૫ ઘોડા મન ખમેડી લેવા માટે મનને તત્વચિંતનમાં પરમાત્મ-ધ્યાનમાં પરોવી દેવું જોઈએ અને બીજી બાજુ એક-એક ઇન્દ્રિયનો વિજય કરવા માટે નીચેના ઉપાયો કરવા જોઈએ :

(૧) શ્રવણેન્દ્રિયનો વિજય

- સિનેમાના ગાયનો સાંભળવા બંધ કરો
- ગામ-ગપાટા કે નિંદાકુથલી સાંભળવી બંધ કરો
- સદ્ગુરુની વાણીનું શ્રવણ કરો
- પરમાત્માની ભક્તિના પ્રસંગોમાં હાજર રહો

(૨) ચક્ષુરિન્દ્રિયનો વિજય

- ચાલતાં દૃષ્ટિ નીચી રાખો
- સિનેમા-નાટક-સરકસ-ભવાઈ જોવાનું બંધ કરો
- સ્ત્રીનું રૂપ રાગથી જોવાઈ જાય તો પરમાત્માની સમક્ષ પચીસ ખમાસમણ દો

- લંપટ મિત્રોની સોબત છોડી દો
- શિલવાન, સદાચારી અને સાત્ત્વિક પુરુષોનો પરિચય કરો

(૩) ઘ્રાણેન્દ્રિયનો વિજય

- બગીચાઓમાં ફરવાનું બંધ કરો
- અત્તરનો, સુગંધી તેલનો, પાવડરનો ઉપયોગ બંધ કરો

(૪) જિહ્વેન્દ્રિયનો વિજય

- બહુ મસાલેદાર ખાવાનો ત્યાગ કરો
- જીભને બહુ વહાલી વસ્તુનો ત્યાગ કરો
- બહુ બોલવાનું બંધ કરો
- રાત્રે ખાવાનું બંધ કરો
- દિવસે પણ અમુક ટંક જ ખાવાનો નિર્ણય કરો
- અમુક વસ્તુઓ જ ખાવી તેની પ્રતિજ્ઞા કરો
- ત્યાગી-તપસ્વી પુરુષોના જીવનચરિત્ર વાંચો
- મૌન રહેવાનો અભ્યાસ પાડો

(૫) સ્પર્શેન્દ્રિયનો વિજય :

- ગાદલા પર સૂવાનું બંધ કરો
- જેમ બને તેમ વધુ દિવસ બ્રહ્મચર્યનું પાલન કરો
- પર્વના દિવસોમાં બ્રહ્મચર્યનું પાલન કરો
- બહુ સુંવાળા વસ્ત્ર પહેરવાનું બંધ કરો
- સાદા વસ્ત્ર પહેરવા માટે મનને દૃઢ બનાવો
- પોતાના શરીરના અવયવોને પણ પ્રયોજન વિના અડો નહિ

આ રીતે ઇન્દ્રિયો પર વિજય મેળવવાથી તમે અદ્ભુત ચિત્ત પ્રસન્નતા સિદ્ધ કરી શકશો પરમાત્માના ધ્યાનમાં વધુ સ્થિર બની શકશો અનંતની આ મહાશક્તિઓનો આવિર્ભાવ કરી શકશો

અનિષ્ટસ્થાનનો ત્યાગ

શરીરના આરોગ્યનુ રક્ષણ કરવા માટે શુ તમે ખરાબ હવામાનવાળા સ્થાનનો ત્યાગ કરી અનુકૂળ હવામાનવાળા સ્થાને નથી રહેતા? શરીરનુ આરોગ્ય મેળવવા માટે શુ તમે ખરાબ પાણીવાળા ગામને તજી નથી દેતા?

તો મનના આરોગ્ય માટે પણ વિચારવુ જોઈએ શરીર કરતા મન ઘણું કિમતી છે મનની માવજત કરવી ઘણી આવશ્યક છે તે માટે મનનુ આરોગ્ય બગાડનાર સ્થાનોનો જીવે ત્યાગ કરવો જ જોઈએ **વિચારોની પવિત્રતા એ મનનુ આરોગ્ય છે** જે સ્થાનમા રહેવાથી સ્થાને જવાથી મન મલીન બને હિંસા જૂઠ, ચોરી, દુરાચાર, ક્રોધ, અભિમાન વગેરે મનમા પેસીને પવિત્રતાનો નાશ કરી નાખતા હોય તેવા સ્થાનોનો સત્વરે ત્યાગ કરી દેવો જોઈએ

બાહ્ય દૃશ્યોને મન ઝડપથી ઝડપી લે છે આખો એ કેમેરાનો 'લેન્સ' છે અને મન એ ફોટોગ્રાફની પ્લેટ છે બાહ્ય દૃશ્યો આખોના 'લેન્સ' દ્વારા મનની પ્લેટ પર ઝડપાય છે અને સુરક્ષિત રહે છે પછી અવસરે અવસરે તે દૃશ્યો દેખાતા રહે છે જીવ ત્યારે મુઝાય છે–'મને કેમ આવા ખરાબ વિચારો આવે છે?

ખરાબ વિચારોને રોકવા માટે ખરાબ દૃશ્યો જ જોવાના બધ કરવા જોઈએ એ માટે ખરાબ સ્થાનોમા જ જવાનુ નહિ પછી ખરાબ વિચારો સ્વાભાવિક રીતે જ બધ થઈ જશે અને ચિત્ત તત્વચિંતનમા અને પરમાત્માના ધ્યાનમા સ્થિર બની શકશે એ રીતે બહિર્મુખ આત્મા અતર્મુખ બનશે અને આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકશે

અનર્થદ્ અશુભ સ્થાનોના ક્ષણજીવી પ્રત્યક્ષ લાભોને તમારે જતા કરવા પડશે અદૃશ્ય ચિરજીવી લાભોને મેળવવા તમારે ધૈર્ય ધારણ કરવુ પડશે

ગૃહ

તમારૂ ઘર કયા છે અને કેવુ છે, એના પર તમારા કુટુબના સરકારોનો આધાર છે તમે જો કેવળ શરીરની સુખાકારિતાને લક્ષમા રાખીને ઘરની પસદગી કરશો તો કુટુબમા સરકારોનુ ઘડતર નહિ કરી શકો

ઘર એવી શેરીમા મહોલ્લામા પસદ કરવુ જોઈએ કે તમારી આસપાસ તમે જે ધર્મ પાળતા હો તે ધર્મવાળા જીવો વસતા હોય અથવા તો સદાચારી અને સરકારી કુટુબો વસતા હોય પરમાત્માનુ મદિર સદ્ગુરુનો ઉપાશ્રય નિકટમા હોય

જો આ લક્ષ રાખ્યા વિના ઘરની પસદગી કરશો તો તમારૂ કુટુબ તમને શાન્તિ આપનારૂ અને એમના આત્માનુ કયાણ કરનારૂ નહિ બની શકે એટલુ જ નહિ પરતુ અનેક દુર્ગુણો અને દુષ્ટ આચારો તમારા ઘરમા પ્રવેશ પામશે અને આતરિક જીવન ખોરવાઈ જશે

વળી એ ઘર પણ એવુ જોઈએ કે સ્ત્રી-પુરુષોની મર્યાદા જાળવી શકાય જ્યા સ્ત્રી-પુરૂષ શયન કરતા હોય ત્યા બાળકોને ન સુવાડાય એટલે સૂવાના ખડો અલગ અલગ હોવા જોઈએ ઘરના બારી-બારણા બદ ન હોવા જોઈએ રાજમાર્ગ પર બારી બારણાવાળુ ઘર કયારેક અનથનુ ભોગ બની જાય હવા અને પ્રકાશ (Air and Light)નો જ કેવળ સિદ્ધાત આખ સામે ન હોવો જોઈએ કેવળ શરીરને જ મુખ્ય માનનારા વિજ્ઞાનવાદીઓનો એ સિદ્ધાત છે શરીર કરતા આત્માને જુદો માનનાર અને શરીર કરતા આત્માનુ ઉચુ મૂલ્યાકન કરનાર અધ્યાત્મ વાદની દૃષ્ટિએ ઘરની પસદગી, આત્માની પવિત્રતાનુ રક્ષણ થાય એ રીતે થવી જોઈએ

મોટા શહેરોમા ઘરની (Room) પસદગી કરનારાઓએ ઘણા સાવચેત રહેવાની જરૂર છે આચાર-વિચારની પવિત્રતાનુ રક્ષણ કરવા ઘરની પસદગી કરતા ઘણુ વિચારવાનુ રહે છે

પાપભય

તમને દુ ખનો ભય છે? દુ ખ ન આવે તેવુ તમે ઇચ્છો છો? દુ ખને દૂર કરવા માટેના તમારા પ્રયત્નોમા તમે નિષ્ફળ ગયા છો?

તો દુ ખોને નામશેષ કરી નાખવા માટે જ્ઞાની ભગવતો આપણને અચોટ ઉપાય બતાવે છે! દુ ખોનુ મૂળ પાપ છે મૂળને જ ઉખેડીને ફેકી દો! દુ ખનુ વૃક્ષ ઉગી શકશે નહિ જેમ જેમ જીવ પાપ કરવાના ઓછા કરે તેમ તેમ દુ ખ ઓછા થશે પાપથી દુ ખ મળે આ ભય સતત જીવની સામે રહે તો જ તે પાપ કરતો અટકવાનો

પાપ ત્રણ રીતે જીવ કરે છે મનથી, વાણીથી અને કાયાથી તે ત્રણે રીતના પાપો કરતા ભય લાગી જવો જોઇએ અગ્નિની જ્વાલાનો, કાળાનાગનો ઉંડા કુવાનો જેટલો ભય લાગે તેના કરતા ય અધિક ભય પાપ સામે આવતા લાગી જવો જોઇએ

હિંસા જૂઠ ચોરી દુરાચાર, પરિગ્રહ, રાત્રીભોજન, માસભક્ષણ, મદિરાપાન જુગાર, વેશ્યાભોગ વગેરે પાપો છે એનો વિચાર પણ ચિત્તમા કરવાનો નહિ નથી ને વિચાર આવી જાય તો તુરત ચિત્તમા પરમાત્માનુ સ્મરણ કરવાનુ કે જેથી પાપવિચાર ભાગી જાય

કયારેક પાપથી તત્કાલ જીવને સુખ મળતુ લાગે છે પરતુ એ સુખ હકિકતમા સુખ નથી પરતુ મહાન દુ ખને નોતરનાર દુશ્મન છે પાપ દ્વારા મળતા સુખનો ત્યાગ કરતા શીખો પાપથી મળતા સુખની ઇચ્છા પણ ન કરો ધર્મથી મળતા સુખની જ ઇચ્છા કરો એ સુખ જ કાયમી ટકનારુ છે પાપથી મળતુ સુખ જીવને બરબાદ કરનારુ અને ક્ષણિક છે

દુઃખ પાપાત્ પાપથી દુ ખ મળે છે આ શ્રદ્ધાને દૃઢ રીતે હૃદયમા સ્થાપો

દેશાચાર–પાલન

જ્યા તમે રહ્યા છો અને જેમની સાથે તમે રહ્યા છો, એ બધાનો વિચાર પણ તમારે કરવો જોઇએ એટલે કે તમે જે દેશમા વસ્યા હો અને જે લોકોની વચ્ચે રહ્યા હો, તેમના શિષ્ટ–પવિત્ર આચારોનો તમારે અપનાપ ન કરવો જોઇએ દેશના નીતિ–નિયમોનુ તમારે બરાબર પાલન કરવુ જોઇએ

જો તમે દેશના નીતિ–નિયમોને અનુસરશો તો ધર્મ સાધનામા પણ તમારુ ચિત્ત સ્વસ્થ રહેશે જે આત્મા દેશના નીતિ–નિયમોને અનુસરતો નથી તેના ચિત્તમા દેશ તરફના ભયો રહે છે અને તેથી સદૈવ તે ચિંતાતુર બ યો રહે છે પછી ધર્મસાધનામા બેસે હશે તો ય એનુ ચિત્ત એમા ઠરશે નહિ

વળી દેશનેતાઓના જાણવામા આવે કે અમુક વ્યક્તિ એક બાજુ ધર્મ કરે અને બીજી બાજુ દેશના નિયમોનુ ઉલ્લઘન કરે છે તો એ દેશનેતા એક વ્યક્તિના પાપે ધર્મ પર પ્રહારો કરવાના બધા ધર્મીઓને એના જેવા માનવાના ધર્મ પર ધર્મના સ્થાનો પર હસ્તક્ષેપ કરવાના. જ્યારે, એના બદલે એ દેશનેતાઓને એ પ્રતીતિ કરાવવામા આવે કે આ ધાર્મિક જીવન જીવનારા આત્માઓનો રાજ્ય સાથેનો વ્યવહાર શુદ્ધ છે દેશના નિયમોનુ યોગ્ય પાલન કરે છે ' તો એ દેશનેતાઓના હૈયામા ધર્મ પ્રત્યે બહુમાન જાગવાનુ ધર્મક્ષેત્રમા એ હસ્તક્ષેપ નહિ કરે બલ્કે ધાર્મિક આત્માઓની લાગણી દુભાય નહિ, એ રીતે કામ કરશે

આજે જો દેશ–રાજ્ય તરફથી ધર્મક્ષેત્રમા હસ્તક્ષેપ થયા છે, તો એની પાછળ કેવળ દેશનેતાઓનો દોષ ન જોવો જોઇએ. પરતુ ધાર્મિક જીવન જીવનારાઓની અશુદ્ધ જીવનવ્યવહારની પદ્ધતિ પણ દોષપાત્ર છે જો ધર્મ આચરનારો વર્ગ વિશુદ્ધ વ્યવહાર જીવન જીવે રાજ્યના નીતિ–નિયમોને અનુસરે તો દેશનેતાઓને પણ વિચારવુ પડે

ધર્મને અબાધક એવા દેશાચારોનુ પાલન કરવુ દરેક આદર્શ ગૃહસ્થ માટે જરૂરી છે

લોકપ્રિયતા

બીજા જીવોને આપણે પ્રિય માનીએ તો બીજા જીવો આપણને પ્રિય માને અથવા તો બીજા જીવોની સાથે આપણે મૈત્રી કેળવવા માંડી કે સહજ રીતે જ બીજા જીવો આપણા પ્રત્યે મૈત્રીવાળા બનવાના એટલે લોકપ્રિયતા સંપાદન કરવા માટે સૌપ્રથમ આપણે બીજા આત્માઓ પ્રત્યે મૈત્રીભાવ કેળવવો પડે

એ માટે મુખ્ય લક્ષ એ રાખવાનું કે આપણે કોઈપણ આત્માનું લૌકિક કે આત્મિક અહિત કરનારા તો ન જ બનીએ કદાચ હિત કરનારા નહિ બનીએ તો ચાલશે પણ અહિત કરનારા તો ન જ બનવું જોઇએ કોઈ પણ જીવ આપણા તરફથી પીડા કલેશ દુ:ખ સંતાપ ન પામે એટલી ચીવટ અવશ્ય રહેવી જોઇએ

તમને કદાચ પ્રશ્ન ઉઠશે કે 'અમારે ધર્મ કરવો છે, એમાં વળી લોકપ્રિયતાની શી જરૂર? પરંતુ તમારા આ પ્રશ્નની સામે અમારો પ્રશ્ન છે કે *લોકોને અપ્રિય બનીને તમે ધર્મસાધનામાં ટકી શકવાના?* કોઈની સાથે ઝઘડો કરીને તુરત તમે મંદિરમાં ભગવાનનું પૂજન કરવા જાઓ; પૂજનમાં તમારું ચિત્ત નહિ ચોંટે! એનો અર્થ છે કે તમારે ધર્મ કરવા માટે પણ લોકોની પ્રિયતા સંપાદન કરવી પડશે

લોકપ્રિયતા મેળવવા માટે તમારે તમારા જીવનમાં પાંચ ગુણોને ઉચ્ચકક્ષાના બનાવવા પડશે (૧) પરોપકાર (૨) સદાચાર (૩) **સહનશિલતા (૪) પ્રમાણિકતા (૫) ઉદારતા** અલબત્ લોકપ્રિય બન્યા પછી તમારે તમારા ધ્યેયમાંથી ખસી ન જવાય તેની ખૂબ સાવધાની રાખવી પડે તમારું ધ્યેય છે ઉત્તરોત્તર આત્મવિકાસ કરવાનું તમારું ધ્યેય છે તમારી પાસે આવનાર આત્માઓને આત્મવિકાસનું માર્ગદર્શન સહાય કરવાનું

ધર્મ ન કરનારાઓ પણ તમને એક ઉત્તમ પુરુષ તરીકે ચાહે ત્યારે તમે લોકપ્રિય બન્યા છો એમ સમજવું જોઇએ

ખર્ચની રીત

મનુષ્ય પોતે જેવો હોય તેના કરતા વધુ સારા દેખાવાનો પ્રયત્ન કરવા જાય છે ત્યા અશાન્તિ શરૂ થઈ જાય છે કમાણી થોડી હોય અને શ્રીમત દેખાવુ હોય એટલે ખર્ચ વધુ કરે આડબર વધુ કરે પરિણામ શુ આવે ? દેવુ કરવુ પડે દિનપ્રતિદિન દેવુ વધતુ જાય બીજી બાજુ વધુ કમાવા માટે રાતદિ મહેનત કરે માનસિક ચિંતાઓ અને જીવન જીવવાની હામ ખોઈ બેસે

આજનો મોટા ભાગનો સમાજ આ પરિસ્થિતિમાથી પસાર થઈ રહ્યો છે કમાણી મુજબ ખર્ચ કરવાનો સિદ્ધાત ભૂલીને ખર્ચ મુજબ કમાણી કરવા પાછળ આજનો મનુષ્ય મચી પડ્યો છે પછી એ કમાણી નીતિ કે અનીતિ જે માર્ગે થતી હોય એ માર્ગે એ દોડી જાય છે સ્થિતિ એ સર્જાણી કે સમાજમા અનીતિનું ધોરણ ઘણું વધી ગયું

પૂર્વના કાળમા મનુષ્ય ન્યાયનીતિને સરળતાપૂર્વક જીવી શકતો હતો કારણ કે એણે કમાણી મુજબ જ ખર્ચ રાખ્યો હતો ન્યાયનીતિના માર્ગે જેટલી કમાણી થાય તેટલામા જ કુટુબનો નિર્વાહ કરવામા ટેવા યેલો હતો અને એમા કદાચ સમાજની દષ્ટિએ ગરીબ દેખાવું પડે એમા એને શરમ ન હતી વળી એ કાળના સમાજની દષ્ટિએ પણ ગરીબ ટીકાપાત્ર ન હતો પરતુ અનીતિખોર અને પાપી આત્મા ટીકાપાત્ર બનતો હલકો ગણાતો અનીતિખોર અને પાપાચારી શ્રીમત પણ કોડીની કિંમતનો લેખાતો તેથી સમાજમા પ્રત્યેક વ્યક્તિનુ ધ્યેય શ્રીમ તાઈનુ નહોતુ રહેતું પરતુ ન્યાયનીતિ અને પુણ્યકરણીનુ હેતુ હતુ

મનુષ્ય પોતાની કમાણી મુજબ જ પોતાની રહેણી કરણી રાખે તો એનું ચિત્ત ઘણું પ્રસન્ન રહેવાનુ ચિત્ત ધર્મસાધનામા ઠરી શકવાનુ કુટુબને પણ એ રીતે જ સમજૂતી કરીને હેતુ માટે તૈયાર કરવુ જોઈએ સમાજની દષ્ટિએ સારા (શ્રીમત) દેખાવાની વૃત્તિને નાબૂદ કરવામા આવે તો જ સુખશાન્તિપૂર્વક જીવી શકાશે

રહેણી-કરણી

તમારું ઘર તમારો પહેરવેશ તમારા કાર્યો તમારા વૈભવને અનુરૂપ હોવા જોઇએ તમે જો શ્રીમત છો તો તમારે ગરીબના જેવો દેખાવ ન કરવો જોઇએ અલબત્ત સાદાઈ હોઇ શકે પરતુ કજુસાઇ ન શોભે તમારુ ઘર અનેક દુખી આત્માઓનુ વિશ્રામસ્થાન બનવુ જોઇએ તમારા આગણે આવેલો કોઈ પણ જીવ ભૂખ્યો-તરસ્યો પાછો ન જવો જોઇએ

એક શ્રીમત ધર્મામા અનેક દુખી ધર્માત્માઓનો આધાર બનવો જોઇએ અને જો એ રીતે એ પોતાની રહેણી-કરણી રાખે તો બીજા કેઈ આત્માઓ ધર્મમાર્ગે જોડાઇને પોતાના ચિત્તની શાતિ પ્રાપ્ત કરી શકે અને આજીવન-પરજીવનને અજવાળી શકે

તમારી આખ સામે કુમારપાલ, પેથડશાહ ભામાશા વગેરેની રહેણી-કરણી રહેવી જોઇએ એમની ઉદારતા પ્રેમાળના સદૈવ તમારો આદર્શ બની રહેવો જોઇએ તમારો વૈભવ, તમારી સપત્તિ આ રીતે જીવોના હિતમા ખર્ચાય તો તમે એક મહાન કાર્ય કર્યું ગણાશે

જો તમે શ્રીમત નથી મધ્યમવર્ગના છો અથવા તો ગરીબ છો, તો તમારે શ્રીમતોનુ અનુકરણ ન કરવુ જોઇએ જે રીતે શ્રીમતો રહેતા હોય તે રીતે તમારે ન રહેવુ જોઇએ જો તમે એમનુ અનુકરણ કરવા જશો તો પહોચી નહિ વળો, અને ક્યારેક ઈર્ષ્યાના પાપમા પડી જવાનુ થશે અસતોષ વધતો જશે પાપ-પુણ્યના ભેદ ભૂલાઈ જશે ધર્મસાધના માટે સમય નહિ મળે મળશે તોય એમા ચિત્ત નહિ ઠરે

સાદાઇથી રહો બિનજરૂરી ખર્ચાઓ બધ કરો સિનેમા નાટક જોવાના બધ કરો ફેશનના ઠઠારા કરવા બધ કરો સાદા ભોજનમા ચલાવતા શીખો થોડુક બચાવી દેવ-ગુરુની ભક્તિ કરો અને ગરીબોને સહાયક બનો

માતાપિતાનુ પૂજન

તમે જે માતા-પિતા છો, તો તમારા સતાનો પાસેથી શાની અપેક્ષા રાખો? વિનયની કે અવિનયની? મર્યાદાની કે સ્વચ્છદતાની? પ્રત્યેક માતા ક પિતા સતાનો તરફથી વિનય અને મર્યાદાની અપેક્ષા રાખે છે અને જો સતાનોમા વિનય-મર્યાદા જોવા ન મળે તો માતા પિતાને અસતોષ રહેવાનો અશાતિ રહેવાની આ પરિસ્થિતિ કેમ સર્જાઈ? તમે જો તમારા માતપિતાનો વિનય જાળવીને તમારા સતાનોને આદર્શ પૂરો પાડયો હોત તો પ્રાય આવુ ન બનત અને વર્તમાનના સતાનો જો તમારો વિનય નહિ જાળવે તો એમનુ ભાવિષ્ય પણ એવુ કેમ નહિ સર્જાય?

માતા-પિતાના ઉપકારોની સ્મૃતિ જો સતાનોના હૃદયમા જાગ્રત હશે તો જ તેઓ તેમની ભક્તિ કરવા તેમનો વિનય કરવા તૈયાર રહેશે ઉપકારીના ઉપકારો તો જ યાદ રહે કે જો હૃદય કોમળ હોય, મૃદુ હોય કઠોર હૃદય બીજાના ઉપકારોને યાદ નથી રાખતુ કઠોર હૃદયવાળો આત્મા ધર્મની ઉપાસના માટે લાયક નથી ધર્મની ઉપાસનામા ઉપકારીઓના ઉપકારોને યાદ રાખીને તેમના પ્રત્યે ઉચિત વિનય મર્યાદાઓ જાળવવાની અનિવાર્ય શરત છે

માતપિતાના પૂજનના અનેક પ્રકારો છે ત્રિકાલ તેમના ચરણે વદના, તેમની ગેરહાજરીમા તેમની સ્મૃતિ કરીને વદના, તેમની નિંદા કરવી નહિ કે સાભળવી નહિ, શક્તિમુજબ સારા વસ્ત્ર વગેરે આપવા તેમની પાસે પુણ્યકરણી કરાવવી તેમને જે અણગમતુ હોય તે ન કરવુ તેમને ગમતુ હોય તે જ કરવુ તેમના વસ્ત્ર આસન પલગ વગેરેનો ઉપભોગ ન કરવો, તેમની સપત્તિનો ઉપયોગ ધર્મમાર્ગે કરવો વગેરે

અલબત્ત, તમારો ધર્મપુરુષાર્થ ન ઘવાય એ રીતે તમારે માતા પિતાનુ પૂજન કરવાનુ છે કારણ કે મનુષ્યજીવન એ આત્મકલ્યાણ માટે મહાન ધર્મપુરુષાર્થ કરી લેવાની અણમોલ તક છે

માતાપિતાનો પૂજક આત્મા જ પ્રાય દેવ અને ગુરુનો સાચો પૂજક બની શકે છે

સદાચારીનો સગ

'જેવો સગ તેવો રગ' આ અનુભવીનુ વચન છે ચદનને પણ લીંબડાનો સગ થતા ચદન પર લીંબડાની વાસ બેસવાની માંદા માણસ પર ખરાબ હવામાનની અસર થવાની ઘોડા સાથે ગધેડાને બાંધો વહેલો મોડો પણ ઘોડો આળોટનો થઈ જવાનો ! આ બધી સગની અસરો ક્યા અજાણી છે ? મનુષ્યને પણ સારા ને નરસા સગની અસર થતી આપણે નજરે જોઈએ છીએ આપણે વર્તમાનમા જેવા બન્યા છીએ તેની પાછળ સગની અસરોએ અસાધારણ ભાગ ભજવેલો છે એમ વિચારતા સમજાશે

હવે પ્રશ્ન એ છે તમારે કેવા બનવુ છે ? જો સારા સજ્જન બનવુ છે તો એવા સજ્જન પુરુષોની મિત્રતા કરો સાધુ પુરુષોના પરિચયમા રહો તમે એમ ન પૂછતા કે સજ્જન પુરુષો અમારો સગ કરશે ? એ પણ એમના જેવા જ સજ્જનનો સગ શોધવાના ને ?

જે સજ્જનપુરુષો પોતાના સદાચારોમા પરિપક્વ દૃઢ બન્યા હોય છે, તે દુષ્ટ આચારોવાળા જીવોનો પણ તેમને સુધારવાની કરુણાબુદ્ધિથી સગ કરે છે ચેપી રોગવાળા મનુષ્યથી દૂર રહેવા એના કુટુમ્બીઓને ડૉક્ટર સલાહ આપે છે પરતુ ડૉક્ટર તો એ ચેપી રોગવાળાની પાસે બેસે છે એના શરીરને અડે છે અને સારવાર કરે છે !

પરતુ મૂળ વાત એ છે કે આપણે સદાચારી બનવુ છે ખરુ ? આપણને ખરાબ આચારો નથી જ ગમતા ને ? ખરાબ આચારોથી તમે ભડકેલા છો ? તો જ તમે સદાચારી પવિત્ર પુરુષોનો પરિચય કરી શકવાના અને નભાવી શકવાના

તમારા સતાનો પણ કોની સાથે ફરે છે ? કોની સાથે બેસે છે ? કોની સાથે કલાકો સુધી વાતો કરે છે એનુ તમારે ધ્યાન રાખવુ જોઈએ એ બાળકો કોઈ ખરાબ આચાર-વિચારવાળા સ્ત્રી-પુરુષના ફદામા ન ફસાઈ જાય તેનુ ધ્યાન રાખવુ જોઈએ

કૃતજ્ઞતા

તમે બીજા જીવો પર કોઈ ઉપકાર કર્યો હોય અને એ જીવો તમારા ઉપકારને યાદ ન રાખે અવસરે ઉપકારનો બદલો વાળવા તૈયાર ન બને તો તમને કેવુ દુ ખ થાય ? તમે એ માણસોને કેવા માનો ?

એમ તમારા પર કોઇના ઉપકાર છે ખરા ? તમે કોઇના ઉપકાર નીચે દબાયેલા છે ખરા ? તે ઉપકારીઓના ઉપકાર તમને યાદ છે ? અવસરે એનો બદલો વાળવા ની તક તમે શોધો છો ખરા ? મોક્ષમાર્ગને અનુસરવા તમારે કૃતજ્ઞ બનવુ પડશે એ માટે તમારે બીજા પર કરેલા ઉપકારો ભૂલી જવા પડશે અને તમારા પર થયેલા બીજા આત્માઓના ઉપકારો યાદ રાખવા પડશે

ઉપકારો બે પ્રકારના હોય છે (૧) ભૌતિક અને (૨) આધ્યાત્મિક આ બન્ને પ્રકારના ઉપકારો, આપણા પર જેમના તરફથી થયા હોય, તેમના પ્રત્યે આપણુ વલણ કૃતજ્ઞતાભર્યું હોવુ જોઈએ ઉપકારી પ્રત્યે આપણે નમ્ર બનીએ ઉપકારીને જોઈને તેના પ્રત્યે આદર દાખવીએ એનો યોગ્ય આદર-સત્કાર કરીએ એના ઉપકારને યાદ કરી તેના ગુણાનુવાદ કરીએ

પશુઓમા પણ આ ગુણ જોવા મળે છે જ્યારે સમાજમા ઉંચી કક્ષાના ગણાતા ધાર્મિકોમા આ ગુણ જોવા નથી મળતો ! તે કેવી કમનસીબી ? આપણને આપણી જાતપ્રશંસા કરતા સારી રીતે આવડે છે ઉપકારીના દોષો શોધીને તેની નિંદા કરતા આવડે છે ઉપકારી કરતા નથી ને કયારેક ભૌતિક રીતે કે આધ્યાત્મિક રીતે આપણે આગળ વધી જઇએ છીએ ત્યારે એ ઉપકારીને કઈ દ્રષ્ટિથી આપણે જોઇએ છીએ ? કેવા શબ્દોથી બોલાવીએ છીએ ?

આપણો ઇતિહાસ તો આપણને કયારેક કોઇ નાના-નજીવા ઉપકારને કરનારની પણ મહાન કદરદાની કરવાના જ્વલંત દષ્ટાંતો બતાવે છે ઉપકારીની ખાતર પ્રાણના તર્પણ કરવાની તવારિખો બતાવે છે ૫ મહાન બનનારા આત્માઓમા જ આવી સહજ યોગ્યતા જોવા મળે

અજીર્ણમા ઉપવાસ

મનની સ્વસ્થતા પ્રસન્નતા માટે શરીરનુ આરોગ્ય જરૂરી છે જો તમારુ શરીર રોગી હો તો તમારુ ચિત્ત પ્રાયઃ સ્વસ્થ નહિ રહી શકે અને અસ્વસ્થ ચિત્ત તત્ત્વચિંતનમા તત્ત્વશ્રવણમા પરમાત્માની ભક્તિમા કે કોઈ પણ આત્મકલ્યાણની પ્રવૃત્તિમા પ્રસન્નતા નહિ અનુભવી શકે

શરીરનુ આરોગ્ય જાળવવુ જરૂરી છે તે માટે ખાન-પાનની પદ્ધતિ પર પુરતુ ધ્યાન આપવુ જોઈએ એ માટે ત્રણ વાતો ખાસ લક્ષમા રાખવી જોઈએ

- ભૂખ વગર ખાવુ નહિ
- ઘણી વસ્તુઓ ખાવી નહિ
- રાત્રે ખાવુ નહિ દિવસે પણ અમુક નક્કી ખાવ

ભૂખ વગર ખાવાથી ઘણી વસ્તુઓ ખાવાથી, રાત્રે ખાવાથી અજીર્ણ થાય છે અજીર્ણ એ સર્વ રોગોનુ મૂળ છે એક પછી એક રોગ શરીરને ઘેરી લે છે ત્યારે જીવ અસ્વસ્થ બેચેન અને બેબાકળો બની જાય છે છતા એ ખાવાની કુટેવ છોડતો નથી ! જીભના રસો ને ત્યજતો નથી પરિણામે વધુ રોગોમા ફસાતો જાય છે

મોક્ષ તરફ જેની દૃષ્ટિ છે તેવો આત્મા તો અજીર્ણ થતા જ ખાવાનુ બધ કરી ઉપવાસ કરી દે એને ખાવાની બહુ આસક્તિ ન હોય મોક્ષ તરફ જેની દૃષ્ટિ હોય તે આત્મા અર્થ-કામમા જ કેવળ ન રાચે એનુ ચિત્ત ધર્મપુરુષાર્થ તરફ ઢળેલુ હોય જેનુ ચિત્ત ધર્મપુરુષાર્થ તરફ ઢળેલુ હોય તે આત્મા સૌ પ્રથમ તો અજીર્ણ ન થાય તે રીતે જ ખાય-પીએ છતા કદાચિત્ ભૂલ થઈ જાય અને અજીર્ણના ભોગ બની જવાય તો તુરત જ તે ઉપવાસ કરીને રોગને કાબૂમા લઈ લે

જ્યા સુધી કેવળ અર્થાર્જન અને ભોગવિલાસમા જ રાચવાની વૃત્તિઓ હશે ત્યા સુધી રોગો વધશે અશાન્તિ વધશે ક્લેશ વધશે

કૃતજ્ઞતા

તમે બીજા જીવો પર કોઈ ઉપકાર કર્યા હોય અને એ જીવો તમારા ઉપકારોને યાદ ન રાખે, અવસરે ઉપકારનો બદલો વાળવા તૈયાર ન બને તો તમને કેવું દુ:ખ થાય? તમે એ માણસોને કેવા માનો?

એમ તમારા પર કોઇના ઉપકાર છે ખરા? તમે કોઇના ઉપકાર નીચે દબાયેલા છો ખરા? તે ઉપકારીઓના ઉપકાર તમને યાદ છે? અવસરે એનો બદલો વાળવાની તક તમે શોધો છો ખરા? મોક્ષમાર્ગને અનુસરવા તમારે કૃતજ્ઞ બનવું પડશે. એ માટે તમારે બીજા પર કરેલા ઉપકારો ભૂલી જવા પડશે અને તમારા પર થયેલા બીજા આત્માઓના ઉપકારો યાદ રાખવા પડશે.

ઉપકારો બે પ્રકારના હોય છે (૧) ભૌતિક અને (૨) આધ્યાત્મિક. આ બંને પ્રકારના ઉપકારો, આપણા પર જેમના તરફથી થયા હોય, તેમના પ્રત્યે આપણું વલણ કૃતજ્ઞતાભર્યું હોવું જોઈએ. ઉપકારી પ્રત્યે આપણે નમ્ર બનીએ. ઉપકારીને જોઈને તેના પ્રત્યે આદર દાખવીએ. એનો યોગ્ય આદર-સત્કાર કરીએ. એના ઉપકારને યાદ કરી તેના ગુણાનુવાદ કરીએ.

પશુઓમાં પણ આ ગુણ જોવા મળે છે. જ્યારે સમાજમાં ઉચ્ચી કક્ષાના ગણાતા ધાર્મિકોમાં આ ગુણ જોવા નથી મળતો! તે કેવી કમનસીબી? આપણને આપણી જાતપ્રશંસા કરતા સારી રીતે આવડે છે. ઉપકારીના દોષો શોધીને તેની નિંદા કરતા આવડે છે. ઉપકારી કરતા નથી ને ક્યારેક ભૌતિક રીતે કે આધ્યાત્મિક રીતે આપણે આગળ વધી જઈએ છીએ, ત્યારે એ ઉપકારીને કઈ દૃષ્ટિથી આપણે જોઈએ છીએ? કેવા શબ્દોથી બોલાવીએ છીએ?

આપણો ઇતિહાસ તો આપણને ક્યારેક કોઈ નાના-નજીવા ઉપમને કરનારની પણ મહાન કદરદાની કરવાના જ્વલંત દૃષ્ટાંતો બતાવે છે. ઉપકારીની ખાતર પ્રાણના તપણ કરવાની તવારિખો બનાવે છે પરંતુ મહાન બનનારા આત્માઓમાં જ આવી સહજ યોગ્યતા જોવા મળે

અજીર્ણમા ઉપવાસ

મનની સ્વસ્થતા પ્રસન્નતા માટે શરીરનુ આરોગ્ય જરૂરી છે જો તમારુ શરીર રોગી હશે તો તમારુ ચિત્ત પ્રાય સ્વસ્થ નહિ રહી શકે અને અસ્વસ્થ ચિત્ત તત્ત્વચિંતનમા તત્ત્વશ્રવણમા પરમાત્માની ભક્તિમા કે કોઇ પણ આત્મકલ્યાણની પ્રવૃત્તિમા પ્રસન્નતા નહિ અનુભવી શકે

શરીરનુ આરોગ્ય જાળવવુ જરૂરી છે તે માટે ખાન-પાનની પદ્ધતિ પર પુરતું ધ્યાન આપવુ જોઈએ એ માટે ત્રણ વાતો ખાસ લક્ષમા રાખવી જોઇએ

- ભૂખ વગર ખાવુ નહિ
- ઘણી વસ્તુઓ ખાવી નહિ
- રાત્રે ખાવુ નહિ દિવસે પણ અમુક વખતે જ ખાવુ

ભૂખ વગર ખાવાથી ઘણી વસ્તુઓ ખાવાથી રાત્રે ખાવાથી અજીર્ણ થાય છે અજીર્ણ એ સર્વ રોગોનુ મૂળ છે એક પછી એક રોગ શરીરને ઘેરી લે છે ત્યારે જીવ અસ્વસ્થ બેચેન અને બેબાકળો બની જાય છે છતા એ ખાવાની કુટેવ છોડતો નથી! જીભના સ્વાદને ત્યજતો નથી પરિણામે વધુ રોગોમા ફસાતો જાય છે

મોક્ષ તરફ જેની દૃષ્ટિ છે તેવો આત્મા તો અજીર્ણ થતા જ ખાવાને બધ કરી દે ઉપવાસ કરી દે એને ખાવાની બહુ આસક્તિ ન હોય મોક્ષ તરફ જેની દૃષ્ટિ હોય તે આત્મા અર્થ-કામમા જ કેવળ ન રાચે એનુ ચિત્ત ધર્મપુરુષાર્થ તરફ ઢળેલુ હોય જેનુ ચિત્ત ધર્મપુરુષાર્થ તરફ ઢળેલુ હોય તે આત્મા સૌ પ્રથમ તો અજીર્ણ ન થાય તે રીતે જ ખાય-પીએ છતા કદાચિત્ ભૂલ થઇ જાય અને અજીર્ણના ભોગ બની જવાય તો તુરત જ તે ઉપવાસ કરીને રોગને કાબૂમા લઈ લે

જ્યા સુધી કેવળ અર્થોર્જન અને ભોગવિલાસમા જ રાચવાની વૃત્તિઓ હશે ત્યા સુધી રોગો વધશે અશાન્તિ વધશે ક્લેશ વધશે

ભોજનની રીત

